| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૭/૦૧/૨૦૨૨ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૭/૦૧/૨૦૨૨ |
| ફેંસલ તારીખ | ૦૬/૦૪/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ ૦૪ માસ ૦૨ દિવસ ૧૦ |

| |
|---|
| **ફોજદારી કેસ નં–૭૭૪૪/૨૦૨૨** |
| **આંકઃ – 13** |

**Form -A**

**અમદાવાદ શહેરના મહેરબાન ૧૬માં અધીક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૧૬, અમદાવાદ શહેર**

**તુષાર હંસરાજ પંજાબી**

૧૬માં અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૬,અમદાવાદ શહેર
GJ01076

ચુકાદાની તારીખ - ૦૬/૦૪/૨૦૨૬

ક્રિમિનલ કેસ નં. - ૭૭૪૪/૨૦૨૨

એફ.આઇ.આર નં. - એ-૧૧૧૯૧૦૬૧૨૧૦૧૧૭/૨૦૨૧
કે-ડીવીઝન ટ્રાફીક પો.સ્ટે.

| | |
|---|---|
| ફરીયાદી | ધી સ્ટેટ ઓફ ગુજરાત (મોહસીનભાઇ ઇકબાલભાઇ કુરેશી) |
| ફરીયાદ પક્ષે વિ.વ.શ્રી | વિ.એ.પી.પી.શ્રી. કે.એસ.ચૌધરી |
| આરોપી | દક્ષલ સતીષકુમાર રાણા, રહે.મ.નં.૦૬,ન્યુ સત્યમનગર સોસાયટી,સી.એન.આઇ.ચર્ચની બાજુમા, શીવમ ડુપ્લેક્ષની બાજુમા, બહેરામપુરા, કાગડાપીઠ, અમદાવાદ. |
| આરોપી તર્ફે વિ.વ.શ્રી | વિ.વ.શ્રી. જે.કે.મહેતા |

**Form -B**

| | |
|---|---|
| બનાવ તારીખ | ૨૧/૦૫/૨૦૨૧ |

| | |
|---|---|
| એફ.આઇ.આર. તારીખ | ૨૧/૦૫/૨૦૨૧ |
| ચાર્જશીટ દાખલ તારીખ | ૨૭/૦૧/૨૦૨૨ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | ૨૩/૦૨/૨૦૨૪ |
| પુરાવો ચાલુ થયા તારીખ | ૨૩/૦૨/૨૦૨૬ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ | ૨૩/૦૨/૨૦૨૬ |
| ચુકાદા તારીખ | ૦૬/૦૪/૨૦૨૬ |
| સજા કરી હોય તો સજા તારીખ | ------------ |

| આરોપી નં. | આરોપીનુ નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડ્યા તારીખ | ગુનો | તકસીરવાન / નિર્દોષ | સજા | સી.આર.પી.સી.ની કલમ ૨૪૮ હેઠળ કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | દક્ષલ સતીષકુમાર રાણા, | ૨૨/૦૫/૨૦૨૧ | ૨૨/૦૫/૨૦૨૧ | ઇ.પી.કો.ની કલમ– ૨૭૯, ૩૩૭,૩૩૮ ૩૦૪(અ) તથા મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૭૭, ૧૮૪ મુજબ | નિર્દોષ | –– | –– |

**Form -C**

## ફરીયાદપક્ષે / બચાવપક્ષે / કોર્ટ તર્ફે સાહેદ લીસ્ટ

## એ. / ફરીયાદપક્ષે સાહેદ લીસ્ટ

| ફરીયાદી સાહેદ નં. | સાહેદનુ નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧. | મોહસીન ઇકબાલભાઇ કુરેશી | ફરીયાદી | ૦૪ |
| ૨. | હર્ષ જશવંતભાઇ મકવાણા | સાહેદ | ૦૬ |

### બી. / બચાવપક્ષે સાહેદ લીસ્ટ

| સાહેદ નં. / આંક | સાહેદનુ નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| ----------- | ----------- | ----------- |

**સી. / કોર્ટપક્ષે સાહેદ લીસ્ટ**

| સાહેદ નં. / આંક | સાહેદનુ નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| ----------- | ----------- | ----------- |

**ફરીયાદપક્ષે / બચાવપક્ષે / કોર્ટ તર્ફે આંક ::**

**એ. / ફરીયાદપક્ષે આંક**

| અનુક્રમ નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૦૫ |
| ૨. | ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ | ૦૭ |
| ૩. | મુદ્દામાલ વાહન કબજે કર્યાનું પંચનામુ | ૦૮ |
| ૪. | સ્થળ પરીક્ષણ અહેવાલ | ૦૯ |
| ૫. | મરણોત્તર પંચનામુ | ૧૦ |
| ૬. | પી.એમ.નોટ | ૧૧ |

**બી. / બચાવપક્ષે આંક**

| અનુક્રમ નં. | આંક | વિગત |
|---|---|---|
| ----------- | ----------- | ----------- |

**સી. / કોર્ટ તર્ફે આંક**

| અનુક્રમ નં. | આંક | વિગત |
|---|---|---|
| ----------- | ----------- | ----------- |

**કબ્જે કરેલ મુદામાલ**

| અનુક્રમ નં. | આર્ટીકલ નંબર | વિગત |
|---|---|---|
| ૧. | ૪૪/૨૦૨૧, તા.૨૨/૦૫/૨૦૨૧ | મોટર સાયકલ નં.જી.જે.૨૭.બી.આર.૬૫૫૩ |

તારીખ :: ૦૬/૦૪/૨૦૨૬
અમદાવાદ

તુષાર હંસરાજ પંજાબી
૧૬મા અધિક ચીફ જ્યુડીસીયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૬, અમદાવાદ શહેર
GJ01076

## ચુ કા દો

(૧) આ કામે ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ તા. ૨૧–૦૫–૨૦૨૧ નાં રોજ કલાકઃ ૧૦–૪૫ વાગ્યે કબાડી માર્કેટ નં.૦૫. ની સામે બી.આર.ટી.એસ. કટની અંદર રોડ પર પોતાના કબ્જાનું મોટર સાયકલ નં.જી.જે. ૨૭. બી.આર. ૬૫૫૩ નું પુરઝડપે, બેફામ અને બેદરકારીપુર્વક ગફલતભરી રીતે માણસની જીંદગી જોખમાય તે રીતે ચલાવી લાવી ફરીયાદીની બર્ગમેન ટુ–વ્હીલર નં. જી.જે. ૨૭. ડી.એલ. ૨૬૭૪ ને જમણા પડખાનાં ભાગે અકસ્માત કરતા ફરીયાદીનાં પિતા ઇકબાલભાઇ ઉમરદિન કુરેશી ઉ.વ.૭૦. નાઓ પાછળ બેસેલ તેમને શરીરે ગંભીર ઇજાઓ પહોંચાડી તથા આરોપીની મોટર સાયકલ પાછળ બેસેલ સાહેદ હર્ષનાઓને સામાન્ય ઇજાઓ કરી તથા ફરીયાદીનાં પિતાને પ્રથમ છીપા મલ્ટીસ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ, જમાલપુર ખાતે ત્યાંથી વધુ સારવાર માટે જીવરાજ મહેતા હોસ્પિટલ ખાતે દાખલ કરતા સારવાર દરમ્યાન મોત નિપજાવી આઇ.પી.સી.કલમ – ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૭૭, ૧૮૪ મુજબનો ગુના કરેલ છે, જે અંગે પ્રથમ બાતમી અહેવાલ દાખલ કરી, પોલીસે ગુનાની તપાસ કરેલ અને તપાસ દરમિયાન પુરતો પુરાવો મળી આવતા હાલનાં આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી. કલમ–૧૭૩ મુજબનો આખરી રિપોર્ટ/ચાર્જશીટ કોર્ટમાં રજુ કરેલ,

(૨) જે અન્વયે કોર્ટ દ્વારા સદરહુ ગુનાનું કોગ્નીઝન્સ લઇ આરોપી વિરૂધ્ધ તહોમતનો જવાબ દેવા સમન્સ કરવામાં આવેલ. જે અન્વયે આરોપી કોર્ટમાં હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલ વિના મુલ્યે આપવામાં આવેલી. ત્યારબાદ આરોપીની આંક–૦૩ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ, જેમા આરોપીએ ગુનો કબુલ ન હોવાનુ જણાવતા કેસ આગળ ચલાવવામાં આવેલ.

(૪) સદર કામે તહોમતદારે તેમની સામેનુ તહોમત કબુલ કરેલ ન હોવાથી ફરીયાદપક્ષે તેમની સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવો જરૂરી થઇ પડેલ અને તેથી ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ નિશં:કપણે પુરવાર કરવા માટે

ઉપરોક્ત ફોર્મ નં. સી.માં દર્શાવ્યા મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.ફરીયાદપક્ષ તરફે આંક–૧૨ થી ક્લોઝીંગ પુરસીસ રજુ થયેલ છે.

(૫) ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ ની જોગવાઈ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો મળી આવેલ ન હોય વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ મૌખિક કેસનાં રેકર્ડ મુજબ રજુઆતો કરેલ છે અને આરોપીને દોષિત ઠરાવવા અરજ કરેલ છે તથા આરોપી તરફે તેના વિ.વ.શ્રીએ બચાવમાં દલીલ કરી એવુ જણાવેલ છે કે, આરોપી સામેનાં તહોમત મુજબનો કેસ ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. આરોપીને વાહન ચલાવતા કોઈએ જોયેલ હોય કે અકસ્માત કરતા જોયેલ હોય તેવો કોઈ પુરાવો નથી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૭) હાલનાં કેસની હકીકત, ફરીયાદપક્ષનો પુરાવો, કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

//**મુદ્દા**//

(૧) શું ફરીયાદપક્ષ એ હકીકત વ્યાજબની શંકાથી પર સાબીત કરે છે કે, આ કામનાં આરોપીએ તા.૨૧–૦૫–૨૦૨૧ નાં રોજ કલાકઃ ૧૦–૪૫ વાગ્યે કબાડી માર્કેટ નં.૦૫.ની સામે બી.આર. ટી.એસ. કટની અંદર રોડ પર પોતાના કબ્જાનું મોટર સાયકલ નં. જી. જે. ૨૭. બી. આર. ૬૫૫૩ નું પુરઝડપે, બેફામ અને બેદરકારીપુર્વક ગફલતભરી રીતે માણસની જીંદગી જોખમાય તે રીતે ચલાવી લાવી ફરીયાદીની બર્ગમેન ટુ–વ્હીલર નં.જી.જે.૨૭. ડી.એલ. ૨૬૭૪ ને જમણા પડખાનાં ભાગે અકસ્માત કરતા ફરીયાદીનાં પિતા ઈકબાલભાઈ ઉમરદિન કુરેશી ઉ.વ.૭૦. નાઓ પાછળ બેસેલ તેમને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી તથા આરોપીની મોટર સાયકલ પાછળ બેસેલ સાહેદ હર્ષનાઓને સામાન્ય ઈજાઓ કરી તથા

ફરીયાદીનાં પિતાને પ્રથમ છીપા મલ્ટીસ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ, જમાલપુર ખાતે ત્યાંથી વધુ સારવાર માટે જીવરાજ મહેતા હોસ્પિટલ ખાતે દાખલ કરતા સારવાર દરમ્યાન મોત નિપજાવી આઇ.પી.સી.કલમ – ૨૭૯, ૩૩૭,૩૩૮ ૩૦૪(અ) તથા મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ?

(૮) ઉપરોક્ત મુદ્દાઓ અંગેનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ.

**<u>// કારણો //</u>**

(૯) **<u>મુદ્દા નં.૧</u>**

(૯.૧) ઉપરોક્ત હકીકતે આ કામનાં મુળ ફરીયાદીએ આ કામનાં આરોપી વિરૂધ્ધ કે–ડીવીઝન ટ્રાફીક પો.સ્ટે.માં ફરીયાદ કરતા હાલનો કેસ ચાર્જશીટનાં આધારે દાખલ થયેલ છે. ફરીયાદપક્ષે તેનો કેસ સાબીત કરવા આ કામે ફરીયાદી મોહસીન ઇકબાલભાઇ કુરેશીને આંક–૦૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, આ સાહેદે તેઓની સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ ૨૦૨૧ માં બનેલ ચોક્કસ તારીખ, માસ હાલમાં તેઓને યાદ નથી. બનાવનાં દિવસે તેઓ પોતાના મોટર સાયકલ ઉપર તેમના પિતાજી સાથે ઘરે જતા હતા ત્યારે કબાડી માર્કેટ નં.પ. તરફથી પસાર થતા હતા ત્યારે એક મોટર સાયકલ આવીને તેઓની મોટર સાયકલને ટક્કર મારતા તેઓ તથા તેમના પિતાજી નીચે પડી ગયેલ, જેથી તેઓના પિતાજીને જમણા હાથનાં અંગુઠામાં ઇજા થયેલ હોવાથી સીફા હોસ્પિટલ સારવાર માટે લઇ ગયેલ ત્યારબાદ વાસણા નવજીવન હોસ્પિટલ સારવાર માટે લઇ ગયેલા અને ડોક્ટરે તેઓના પિતાને જમણા હાથનાં અંગુઠામાં ફ્રેક્ચર થયેલાનું જણાવેલુ, જેથી આ બાબતની તેઓએ ફરીયાદ લખાવેલી, જે ફરીયાદ તેઓને બતાવતા તેમા પોતાની સહી ઓળખી બતાવી આંક–૦પ થી પુરાવામાં રજુ રાખેલ છે. વધુમાં જણાવેલ છે કે, તેઓના પિતાજી આ અકસ્માતમાં ઇજા

થયેલ હોવાથી એક માસ બાદ ગુજરી ગયેલા. અકસ્માત કરનાર વાહનનો ચાલક કોણ હતા તેમજ તેનો નંબર શું હતો તેની તેઓને ખબર નથી. તેઓને કોઇ ઈજા થયેલ નહી.

આમ, મુળ ફરીયાદી આંક-૦૫ થી રજુ ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોય, ફરીયાદપક્ષ તરફે તેઓને ફરી ગયેલા જાહેર કરી પોતાના જ સાક્ષીની ઉલટતપાસ કરવા માટે મૌખિક વિનંતી કરવામાં આવેલી. ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ-૧૫૪ ની જોગવાઇ મુજબ ફરીયાદપક્ષને પોતાના સાહેદની જ ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવેલી તેમ છતાં ફરીયાદીએ ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી.

આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરતા તેઓ એ વાત ખરી હોવાનુ જણાવે છે કે, અકસ્માત કોની બેદરકારીથી બનેલ તે તેઓ કહી શકે નહી.

આમ, આ કામનાં મુળ ફરીયાદીની કોર્ટ રૂબરૂની જુબાની જોઇએ તો આંક-૦૫ વાળી ફરીયાદ પુરવાર થતી નથી કારણ કે હાલની જુબાની જોતા આ કામનાં ફરીયાદી પોતાની સોગંદ પરની જુબાનીમાં અકસ્માત થયેલ હોવાની હકીકતને સમર્થન કરે છે અને અકસ્માતનાં કારણે તેમના પિતાનું અવસાન થયેલ હોવાની હકીકત જણાવે છે, પરંતુ તે અકસ્માત કરનાર વાહનનો નંબર જણાવતા નથી કે વાહન ચાલકનું નામ પણ જણાવતા નથી. વધુમાં આરોપી તરફેની ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, અકસ્માત કોની બેદરકારીથી બનેલ તે તેઓ કહી શકે નહી. જેથી ફરીયાદીનાં ઉપરોક્ત પુરાવાથી હાલનાં આરોપીએ અકસ્માત કરેલ હોય તે હકીકતને સમર્થન મળતુ નથી.

**(૯.૨)** આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ હર્ષ જશવંતભાઈ મકવાણાને આંક-૦૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, આ સાહેદે તેઓની સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ ૨૦૨૧ માં બનેલ. ચોક્કસ તારીખ, માસ હાલમાં તેઓને યાદ નથી. બનાવનાં દિવસે તેઓ તથા તેમનો મિત્ર દક્ષલ મોટર સાયકલ ઉપર લાંભા જતા હતા ત્યારે કબાડી માર્કેટ નં.પ.

તરફથી પસાર થતા હતા ત્યારે એક મોટર સાયકલ આવીને તેઓની મોટર સાયકલને ટક્કર મારતા તેઓ તથા દક્ષલ નીચે પડી ગયેલ, જેથી તેઓને ઈજા થયેલ હોવાથી એસ.સી.જી.હોસ્પિટલ સારવાર માટે લઇ ગયેલ. ત્યારબાદ પોલીસે તેઓનુ નિવેદન લીધેલુ.

આમ, આ સાહેદ ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરતા ન હોય, ફરીયાદપક્ષ તરફે તેઓને ફરી ગયેલા જાહેર કરી પોતાના જ સાક્ષીની ઉલટતપાસ કરવા માટે મૌખિક વિનંતી કરવામાં આવેલી. ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ–૧૫૪ ની જોગવાઈ મુજબ ફરીયાદપક્ષને પોતાના સાહેદની જ ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવેલી. તેમ છતાં આ સાહેદે ફરીયાદપક્ષનાં કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરતા એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, અકસ્માત કોની બેદરકારીથી બનેલ તે તેઓ કહી શકે નહી. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, દક્ષલની બેદરકારીથી કોઇ બનાવ બનેલ નથી. એ વાત ખરી હોવાનુ જણાવે છે કે તેઓનુ મોટર સાયકલ ધીમે ચાલતુ હતુ.

આમ, આ સાહેદની સોગંદ પરની જુબાનીનું પુરાકીય મુલ્યાંકન કરતા આ સાહેદ આ કામનાં આરોપીનો મિત્ર છે અને આરોપીની મોટર સાયકલ ઉપર લાંભા જતા અકસ્માત થયેલ હોવાની હકીકતને સમર્થન કરેલ છે, પરંતુ તે અકસ્માતમાં સંડોવાયેલ વાહનનો નંબર જણાવતા નથી. વધુમાં આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, અકસ્માત કોની બેદરકારીથી બનેલ તે તેઓ કહી શકે નહી તેમજ દક્ષલની બેદરકારીથી કોઇ બનાવ બનેલ નથી. જેથી આ સાહેદનાં સોગંદ પરનાં પુરાવાથી આ કામનં આરોપીએ જ અકસ્માત કરેલ હોય તે હકીકતને સમર્થન મળતુ નથી.

(૯.૩) આ કામે ફરીયાદપક્ષ તરફે આંક–૦૭ થી ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ, આંક–૦૮ થી મુદ્દામાલ વાહન કબજે કર્યાનું પંચનામુ, આંક–૦૯ થી સ્થળ પરીક્ષણ અહેવાલ, આંક–૧૦ થી મરણોત્તર પંચનામુ તથા આંક–૧૧ થી પી.એમ.નોટ આરોપી તરફે એડમીટ કરતા પુરાવામાં રજુ કરેલ છે,

પરંતુ આ દસ્તાવેજોને પુરાવામાં રજુ કરવા માત્રથી આ કામનાં આરોપીએ પોતાના કબ્જાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે તથા માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી લાવી ફરીયાદીની બર્ગમેન ટુ–વ્હીલર નં. જી.જે. ૨૭. ડી.એલ. ૨૬૭૪ ને જમણા પડખાનાં ભાગે અકસ્માત કરી ફરીયાદીનાં પિતા ઇકબાલભાઇ ઉમરદિન કુરેશી ઉ.વ.૭૦. નાઓ પાછળ બેસેલ તેમને શરીરે ગંભીર ઇજાઓ પહોંચાડી તથા આરોપીની મોટર સાયકલ પાછળ બેસેલ સાહેદ હર્ષનાઓને સામાન્ય ઇજાઓ કરી તથા ફરીયાદીનાં પિતાનું સારવાર દરમ્યાન મોત નિપજાવેલ હોય તેવુ પુરવાર થતુ નથી.

(૧૦) ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા જોઇએ તો તેના આધારે અકસ્માત સમયે આ કામનાં આરોપી વાહન ચલાવતા હોય, તે વાહન જાહેર રોડ ઉપર બેદરકારી અને બેફામપણે માણસની જીંદગી જોખમાય તે રીતે ચલાવતા હોય અને તેનાથી અકસ્માત થયેલ હોય તેવુ ફરીયાદપક્ષ સાબિત કરી શકેલ નથી. વધુમાં,આ કામનાં ફરીયાદી તથા અન્ય સાહેદોની સોગંદ પરની જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરતા તેઓએ પોતાની સોગંદ પરની સરતપાસમાં અકસ્માત કરનાર વાહનનો નંબર કે વાહન ચાલકનું નામ જણાવેલ નથી. વિશેષમાં ફરીયાદી તથા સાહેદો પોતાની જુબાનીમાં ક્યાંય પણ આરોપીનું નામ, ગાડીનો નંબર કે અકસ્માત કોની કસુરનાં કારણે થયેલો તેવી કોઇ હકીકત જણાવતા નથી તેમજ ફરીયાદી તથા સાહેદો પોતાની સોગંદ પરની જુબાનીમાં બનાવનાં દિવસે, સમયે અને સ્થળે હાલનાં કામનાં આરોપી પોતાના કબ્જાનું વાહન અન્ય કોઇ વ્યક્તિની જીંદગી જોખમમાં મુકાઇ તે રીતે બેફામરીતે કે બેદરકારીથી પુરઝડપે સરીયામ રસ્તા ઉપર ચલાવી લાવી ફરીયાદીની બર્ગમેન ટુ–વ્હીલર નં.જી.જે. ૨૭. ડી.એલ. ૨૬૭૪ ને જમણા પડખાનાં ભાગે અકસ્માત કરી ફરીયાદીનાં પિતા ઇકબાલભાઇ ઉમરદિન કુરેશી ઉ.વ.૭૦. નાઓ પાછળ બેસેલ તેમને શરીરે ગંભીર ઇજાઓ પહોંચાડી તથા આરોપીની મોટર સાયકલ પાછળ બેસેલ સાહેદ હર્ષનાઓને સામાન્ય ઇજાઓ કરી તથા ફરીયાદીનાં પિતાનું સારવાર દરમ્યાન મોત નિપજાવેલ હોય તેવી કોઇ હકીકત જણાવતા નથી. આમ, ફરીયાદી તથા અન્ય સાહેદોનો સોગંદ પરનો પુરાવો તથા ફરીયાદપક્ષ તરફે

રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતા ફરીયાદપક્ષનાં કેસને મદદરૂપ પુરાવો મળી આવેલ નથી. વધુમાં, ગુજરનારને અકસ્માતની ઈજાને કારણે મૃત્યુ થયેલુ તેવુ સાબિત થાય છે તેથી ફરીયાદપક્ષ દ્વારા આક્ષેપીત બનાવ બનેલ હોવા બાબતની હકીકત સાબીત કરવામાં આવેલ છે પરંતુ તે અકસ્માત આ કામનાં આરોપી દ્વારા કરવામાં આવેલ હોય તેવુ સાબિત થતુ નથી એટલે કે આરોપીએ તહોમત મુજબનો ગુન્હો કરેલ હોય તેવુ સાબિત થતુ નથી. જેથી રેકર્ડ ઉપરની તમામ હકીકત અને પુરાવા ધ્યાનમાં રાખી તથા આ કામે રજુ થયેલ પુરાવાઓ ધ્યાને લેતા ન્યાયનાં હિતમાં મુદ્દા નં.૧ નો નિર્ણય **નકારમાં** આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨</u>**

**(૯)** ઉપરોક્ત મુદ્દા નં.૧ નો નિર્ણય, કેસ હકીકતને, કાયદાકીય જોગવાઇ, રજુઆતો ધ્યાને લઈ આ કામે ન્યાયનાં હિતમાં મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**આખરી હુકમ**

૧. આ કામનાં આરોપી દક્ષલ સતીષકુમાર રાણાનાઓને આઇ.પી.સી. કલમ – ૨૭૯, ૩૩૭, ૩૩૮ ૩૦૪(અ) તથા મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૭૭, ૧૮૪ મુજબનાં ગુન્હાનાં તહોમતમાંથી સી.આર.પી.સી. કલમ–૨૫૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવામાં આવેલ છે.

૨. ફોજદારી કાર્યરીતી સંહિતા(સુધારેલ)માં ઉમેરાયેલ કલમ–૪૩૭(એ) મુજબ આરોપીએ અપીલ પીરીયડ દરમ્યાનના જામીન આપવા.

**3.** મુદ્દામાલ અંગે વચગાળાનો થયેલ હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા. ૦૬/૦૪/૨૦૨૬

**તુષાર હંસરાજ પંજાબી**
૧૬માં એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૬,અમદાવાદ શહેર.
યુનિક આઇ.ડી. જી.જે.૦૧૦૭૬.